# કેસર કેરી મધ્ય એપ્રિલ સુધી પણ જોવા નહી મળે

**માવઠાના કારણે આ વર્ષે કેસર કેરી મોંઘી રહેશે : ૩૫ થી ૪૦ ટકા પાકને નુકશાન**



ગાંધીનગર, તા. ૨૭

આ વર્ષે કેસર કેરીના વૃક્ષો પર ખુબ ફાલ આવ્યો હતો. ભાવો ઘટવાના અને ખુબ પાકના સંકેતો હતા પરંતુ તાજેતરમાં સૌરાષ્ટ્રના કેસર કેરી પકવતા વિસ્તારોમાં થયેલી કરા વર્ષા અને માવઠાના કારણે આખુ ચિત્ર ફરી ગયું છે. માવઠાના કારણે પાકને ૩૫ થી ૪૦ ટકા જેટલુ નુકશાન થયું છે. એપ્રિલના મધ્ય સુધી પણ કેસર બજારોમાં જોવા નહી મળે.



આ વર્ષે કેસર કેરીનો પાક વહેલો અને સારી ગુણવત્તાનો આવવાનો અંદાજ હતો પરંતુ ખરાબ હવામાને આખુ ગણિત ઉંધુ પાડી દીધુ છે. માવઠાના કારણે પાક ઓછો થયો છે, ગુણવત્તા બગડી છે અને હવે તે છેક એપ્રિલના અંતિમ સપ્તાહમાં બજારોમાં દેખા દે તેવી સંભાવના છે. વેપારીઓના જણાવ્યા અનુસાર સામાન્ય રીતે આ સમયગાળા દરમ્યાન કેસરની ધીમી આવકો નોંધાતી હોય છે પરંતુ હાલમાં કેસર કેરીની કોઈ આવક નોંધાઈ નથી. ફક્ત વલસાડ તરફથી નબળી ગુણવત્તાવાળી કેસર બજારોમાં જોવા મળી રહી છે. વળી હાલમાં તેનો ભાવ ૩૫૦ રૂ. કિલો સુધીનો ખુબ ઊંચો હોવાથી તેની ખરીદી ધીમી છે.

ગુજરાત ઉપરાંત ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્રમાં કેરીના પાકને માવઠાથી ખુબ નુકશાન થયું છે. હાલ બજારમાં હાફુસ કેરીની આવકો નોંધાઈ રહી છે. કેસર કેરીના પાકને નુકશાન થતા હાફુસના ભાવ જે નીચા જતા હતા તે પણ અટકી ગયા છે. હાલમાં ૧૫૦ રૂ. થી ૪૫૦ રૂ. સુધીની કિંમતે હાફુસ વેચાઈ રહી છે. માવઠાના કારણે આ વર્ષે બે અઠવાડિયા જેટલી મોડી કેસર કેરીની આવક થવાનો અંદાજ છે. માવઠાથી પાકની ગુણવત્તા બગડી છે વળી તેમાં કોઈ જીવાત ન બેસી જાય તેની ચિંતા પણ થઈ રહી છે. પ્રતિકૂળ હવામાનને કારણે તેમા રોગચાળો થવાનો ભય પણ છે. ગત વર્ષે ૨૦ માર્ચની આસપાસ અમુક યાર્ડમાં કેસર કેરીની હરાજીઓ શરૂ થઈ ગઈ હતી પરંતુ આ વર્ષે તે બે અઠવાડિયુ મોડુ થવાનો અંદાજ છે.

# સે. ૧ તળાવની ફૂડકોર્ટના સ્ટોલ ફાળવવાનો મામલો હજુ અદ્ધરતાલ

**ફૂડકોર્ટ ૬ મહીનાથી તૈયાર ફાળવણી માટેની દરખાસ્ત પણ પેન્ડીંગ**

ગાંધીનગર, તા. ૨૭

સે. ૧માં નવનિર્મિત તળાવ વર્ષોના અંતે પણ રળિયામણુ બની શક્યુ નથી. તળાવ વિકાસની યોજનાને ૮ વર્ષના લાંબા સમયગાળા બાદ પણ અંજામ આપી ન શકાતા સ્થળ પર આવતા સહેલાણીઓનું મોં વંકાય છે. તળાવને પીકનીક સ્પોટ બનાવવાની યોજના અન્વયે તૈયાર કરાયેલી ફૂડકોર્ટની ફાળવણીની વાત પણ છેલ્લા ૬ મહીનાથી અધ્ધરતાલ છે.

સે. ૧માં તળાવ વિકાસની યોજના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ત્રણ તબક્કામાં ભારે વિલંબ બાદ તળાવ નિર્માણ અને ઉદ્યાનની કામગીરી પૂર્ણ થયા બાદ પણ હજુ ૮ વર્ષના લાંબા સમયગાળા પછી તળાવને પીકનીક સ્પોટ બનાવવાનુ સ્વપ્ન સાકાર થયું નથી. પાણી વગરનુ ખાલીખમ તળાવ આકર્ષણ વિહોણુ જોવા મળી રહ્યું છે. તળાવ વિસ્તારમાં સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે. લાઈટો પણ ચાલુ ન થતા સહેલાણીઓ મુંઝવણ અનુભવે છે જ્યારે તળાવને લઈ સહેલાણીઓ માટે અંદાજિત ૨૪ લાખના ખર્ચે નિર્માણ કરાયેલી ફૂડકોર્ટ પણ લાંબા સમયથી બંધ હાલતમાં છે. તળાવને પીકનીક સ્પોટ બનાવવાની યોજના અન્વયે આ વિસ્તારમાં વિવિધ ૫ જેટલા ખાણીપીણીના સ્ટોલ્સ બનાવવામાં આવ્યા છે. પરંતુ ફૂડકોર્ટની ફાળવણીના મામલે વિભાગ કક્ષાએથી કોઈ નીતિ નક્કી ન થતા ફૂડકોર્ટ લોકઉપયોગી બની શકી નથી. આ અંગે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. પરંતુ વિભાગકક્ષાએથી કોઈ નિર્ણય ન લેવાતા ફૂડકોર્ટ ધૂળ ખાય છે.

# સે-૨૦ના ચકચારી ખૂન કેસમાં આરોપીને ૭ વર્ષની સખત કેદ

**સાથે દરજીકામ કરતા યુવાને ઉછીના પૈસા આપવાની ના પાડતા કાતર અને ડમબેલ્સ મારી હત્યા કરી હતી**

ગાંધીનગર, તા.૨૭

સે-૨૦માં દરજીકામ કરતા યુવાનની કાતર મારી હત્યા કરવાના ચકચારી ખૂન કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આરોપી આબીદ ઈદરીશ રસુલભાઈ ઘાંસી તેમજ મનોજ સોહનલાલ વણઝારા સે-૨૧માં સાથે દરજી કામ કરતા હતા જયારે આ બંને દરજીકામના કારીગર સે-૨૦માં પ્લોટ નં. ૩૧૪/બી વૈષ્ણવી કોમ્પ્લેક્ષના બીજા માળે વિપુલભાઈ

● અનુસંધાન પાન-૭ પર



ફૂલોની નગરી - ગાંધીનગર હરિયાળનું નગર છે... ફુલોની નગરી છે... સ્વર્ણિમ પાર્કથી લઈ શહેરના રાજમાર્ગો પર રોડ ડિવાઈડરની મધ્યમાં વિવિધ ફૂલ-છોડ વાવવામાં આવ્યા છે... બારે માસ ફુલો ખીલતા રહે એવા છોડ વન વિભાગે રોપ્યા છે.... ગાંધીનગરના રાજમાર્ગો આવા નયનરમ્ય ફૂલોથી ખીલી ઉઠે છે.... અને નગરજનોની આંખોને ટાઢક આપે છે.... *(તસવીર : દિપક જાની)*

# લોકસભાની ચૂંટણીમાં યોગાનું યોગ મતદાન-મતગણતરીની તારીખમાં સામ્યતા!

**૧૫મી અને ૧૬મી લોકસભા ચુંટણીમાં મતદાન અને મતગણરીની તારીખમાં અનોખો સંયોગ**

ગાંધીનગર, તા.૨૭

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં મતદાન અને મતગણતરીની તારીખ ગત ૧૫મી લોકસભાની ચૂંટણીની જેમ એક જ નિયત થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. યોગાનુ યોગ ૧૫મી અને ૧૬મી લોકસભાની ચૂંટણી અન્વયે મતદાન અને મતગણતરીના તારીખનો આંકડો સરખો છે. જો કે ચુંટણી પરિણામની સામ્યતામાં આ આંકડો કેટલો મેળ ખાશે કે કેમ તે તો સમયે જ સ્પષ્ટ થશે.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં યોજાયેલ ૧૩મી લોકસભા



સામાન્ય ચૂંટણીમાં ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૭ પુરૂષ અને ૧ મહિલા ઉમેદવાર મળી કુલ ૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. ૬ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી. આ ચૂંટણીમાં કુલ મતદારો ૧૮૩૩૮૪૪ હતા જેમાં ૯૬૪૩૮૪ પુરુષ અને ૮૬૯૪૬૦ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. ૮ ઉમેદવારોનું ભાવિ ૪૩૧૮૫૭ પુરષ અને ૩૦૯૪૨૬ સ્ત્રી મળી કુલ ૭૪૧૨૮૩ મતદારોએ મતદાન કરીને નક્કી કર્યું હતું. જેમાં ૨૩ મતો અમાન્ય ગણવામાં આવ્યા હતા. જયારે ૨૧૦ મતો પોસ્ટલ દ્વારા અપાયા હતા. આ ચૂંટણી પ્રક્રિયાને સરળ બનાવવા માટે કુલ ૧૮૩૬ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતાં.

૧૪મી લોકસભા સામાન્ય ચૂંટણીમાં કુલ ૧૩ મતદારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. ૧૪મી લોકસભાની ચૂંટણીમાં એક પણ મહિલા ઉમેદવારી નોંધાઈ ન હતી. તે ઉપરાંત ૧૧ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી. આ ચૂંટણી જંગમાં કુલ ૨૧૨૬૮૨૯ મતદારોમાંથી ૮૪૫૭૦૩ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવારોનું ભાવિ નક્કી કર્યું હતું. જેમાં ૪૮૩૪૮૧ પુરુષ, ૩૬૧૭૩૧ સ્ત્રી અને ૪૯૧ પોસ્ટલ મતનો સમાવેશ થાય છે. આ ચૂંટણી માટે ૨૦૮૩ મતદાન મથકો હતા.

૧૫મી લોકસભા સામાન્ય ચૂંટણીમાં ૧૬ પુરુષ અને ૩ મહિલા ઉમેદવારો મળીને કુલ ૧૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. જેમાં ૩ મહિલા ઉમેદવાર સહિત કુલ ૧૭ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી. ૧૯ ઉમેદવારોના ભાવિ માટે ૧૫૫૫૭૦૯ માંથી ૭૯૦૭૩૭ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં ૪૪૦૮૬૪ પુરુષ, ૩૪૯૫૦૫ મહિલા અને ૩૬૮ પોસ્ટલ મતદારોનો સમાવેશ થાય છે. કુલ મતદાનમાંથી ૭ મતો અમાન્ય ગણવામાં આવ્યા હતા. આ ચૂંટણી માટે કુલ ૧૬૪૪ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા. યોગાનુંયોગ પાંચ વર્ષબાદ પણ ૧૫મી લોકભા અને ૧૬મી લોકસભાની સામાન્ય ચૂંટણીની મતદાન તારીખ અને મત ગણતરી તારીખ એક જ આવી છે.



પવનસિંહ હનુભા ગોહિલ

Y.A. MANSURI
M. : 9824049503

SANJAY S. SHAH
P. Manubhai Medical

Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars

ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators, www.abhaydecorators.com

# મોબાઈલમાં રમાતી તીનપત્તીનો આજકાલ યુવાનોને ચસ્કો

**અભ્યાસ અને ધંધા રોજગારને પડેલી અસરો : બેલેન્સ મેળવવા ખર્ચાતી મોટી રકમો**

ગાંધીનગર, તા.૨૭

જુગારે આધુનિક ટેકનોલોજી અપનાવી લીધી છે. જેથી અંડર કવર રમાતા આ આધુનિક જુગાર માટે કાયદાકીય છટકબારીઓ વધી ગઈ છે અને તે કારણે મોબાઈલમાં રમાતી તીનપત્તી યુવાધનમાં અતિ લોકપ્રિય બની ઘેર ઘેર પ્રચલિત બની ગઈ છે. અભ્યાસ અને ધંધા રોજગાર સાથે આ તીનપત્તીના રવાડે ચડેલા યુવાધન પોતાની કારકિર્દી બાબતે બે ધ્યાન બન્યા છે જેથી ભવિષ્યમાં આવનારી પેઢી ઉપર ખુબ જ ખરાબ અસરો ઉભી થવાની સંભાવનાઓ વ્યકિત થઈ રહી છે.

અતિ આધુનિકતા અને ટેકનોલોજીએ નવા સ્વરૂપ ધારણ કરી લેતાં ગુનાખોરીને ડામવા મુશ્કેલીઓ પડી રહી છે. એન્ડ્રોઈડ મોબાઈલમાં વધતી સુવિધાઓ થકી દુવિધાઓ વધી ગઈ છે. હાલમાં મોબાઈલમાં રમાતી તીનપત્તી જુગારે યુવા ધનને ખાસ્સું ઘેલું લગાડયું છે. જેથી અભ્યાસ અને ધંધા રોજગારમાંથી ધ્યાન ખસેડી તીનપત્તી જુગાર તરફે વધુ વળ્યા છે. ઘેર ઘેર અને સહજપણે નવરાશની પળોમાં આ જુગાર વધુ બળવોત્તર બન્યો છે.

મોબાઈલમાં બેલેન્સ પુરું થઈ જવાની ક્ષણે કેટલાક યુવાધન મસ મોટી રકમો ખર્ચી નાખે છે અને અંડરકવર જુગારને પ્રોત્સાહીત કરી રહ્યા છે. હાલમાં એન્ડ્રોઈડ મોબાઈલ ફોનમાં ફેસબુક ફ્રેન્ડ તથા અન્ય લોકો સાથે રમાતી આ તીનપત્તી રમત પ્રાઈવેટ ટેબલ ઉપર પણ રમાતી હોવાથી ખાનગીમાં મોટા જુગાર પણ રમાઈ રહ્યા છે. તીનપત્તીની આ રમતે યુવાધનની સાથે સાથે દુકાનદારો, નોકરીયાતો અને ટ્રાવેલીંગ કરતા લોકોમાં પણ વધુ ક્રેઝ ઉભો કર્યો છે. જો કે નકકર વાસ્તવિકતા અને માનસિક રોગોના નિષ્ણાત તબીબોએ આ રમતના અતિક્રમણથી માનસિક સમતુલા ગુમાવવાના સંજોગો ઉભા થવાનો ભય વ્યકત કર્યો છે.

માટે જ લોક જાગૃતિ સાથે વહીવટી તંત્રએ કડક નિયમો બનાવી આ દુષણને ડામવા આકરા પગલાં લેવા પહેલ કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

# ગાંધીનગર ડિવીઝનમાં લેન્ડલાઈન ફોનના ચાર હજાર ગ્રાહકો ઘટ્યા

**ફરિયાદોના ઝડપી નિકાલ અને કથળતા તંત્રના લીધે નાગરિકો ત્રસ્ત**

ગાંધીનગર, તા. ૨૭

ભારત સંચાર નિગમની કથળતી જતી સેવાના લીધે ગત વર્ષની સાપેક્ષમાં ગાંધીનગર ડિવીઝનમાં લેન્ડલાઈન ટેલીફોન જોડાણના ૪ હજાર ગ્રાહકો કટઓફ થયા છે. ગત વર્ષે લેન્ડલાઈન ફોનનુ જોડાણ ધરાવતા ગ્રાહકોની સંખ્યા ૩૦ હજાર હતી જ્યારે આ વર્ષે તેમાં ઘટાડો થયો છે. જેની પાછળ ખાનગી કંપનીઓની ઝડપી અને સરળ સર્વિસ ઉપરાંત બી.એસ.એન.એલ.ની કથળતી સેવા જવાબદાર હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે.

ભારત દૂર સંચાર નિગમ લીમીટેડના ગાંધીનગર ડીવીઝન વિસ્તારમાં શહેર ઉપરાંત ગાંધીનગર તાલુકો, દહેગામ શહેર અને તાલુકાનો સમાવેશ થાય છે. આ ડીવીઝનલ વિસ્તારમાં ગત વર્ષ લેન્ડલાઈન ટેલીફોનનું જોડાણ ગ્રાહકોની સંખ્યા ૩૦ હજાર જેટલી હતી જ્યારે આ વર્ષે આ સંખ્યામાં ૪ હજારનો નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું ધ્યાને આવ્યું છે. આ માટે ખાનગી કંપનીની ઝડપી સેવા તેમજ તંત્ર દ્વારા ફરિયાદોનો ઝડપભેર નિકાલ ન થતો હોવાની સંભવિત બાબતો પણ જવાબદાર હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. બ્રોડ બેન્ડના ૧૦ હજાર કનેકશનો સામે માત્ર ૧૦૦ લાઈનમેન ઉપલબ્ધ છે. જ્યારે ગાંધીનગર એરિયામાં ૩૫ એકસચેન્જ છે. આધુનિક ટેકનોલોજીથી સજ્જ ટેલીફોન તંત્ર ગ્રાહકલક્ષી સુવિધા અને સેવા પુરી પાડવામાં બિનઅસરકારક બનવા તરફ હોવાનુ પણ સ્પષ્ટ થઈ રહ્યું છે.







SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com